**ક્રિ.પ.અ.નં.૧૬૪/ ૨૦૨૨**

**આંક–૦૧ લગત હુકમ**

**અરજદાર માળી ધર્મેન્દ્રકુમાર રમણભાઈ, રહે. ટાંકીવાળુ ફળીયુ, મોકસી, તા.સાવલી જી.વડોદરાવાળાની મુદ્દામાલ Vivo V21 5G નો મોબાઈલ તથા જીઓ કંપનીનુ સીમકાર્ડ નં.૬૩૫૫૯૩૬૦૨૬ પરત મળવાની અરજી લગત હુકમ :–**

(૧). અરજી વંચાણે લીધી તથા આ કામે અરજદારના વિ.વકીલશ્રી.ને સાંભળ્યા. આ કામના અરજદારે હાલની અરજી રજૂ કરી ભાદરવા પોલીસે ભાદરવા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૭૦૦૬૨૨૦૮૫૯/૨૦૨૨, પ્રોહી.એકટની કલમ – ૬૫ (એ) (ઈ) (એફ), ૮૧,૧૧૬(બી)મુજબના કામે કબજે કરેલ મુદામાલ Vivo V21 5G નો મોબાઈલ તથા જીઓ કંપનીનુ સીમકાર્ડ નં.૬૩૫૫૯૩૬૦૨૬ તેઓની માલીકીનું હોવાનું જણાવી તે યોગ્ય શરતોએ અરજીમાં જણાવેલ કારણસર પરત મળવા અરજ કરેલ છે.

(૨). આ અરજી સબબ પોલીસ અભિપ્રાય મંગાવતા આ કામના તપાસ કરનાર અમલદારે રીપોર્ટ કરી જણાવેલ છે કે, સદર મોબાઈલ ફોન ભાદરવા પોલીસે ભાદરવા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૭૦૦૦૬૨૨૦૮૫૯/૨૦૨૨, પ્રોહી.એકટની કલમ– ૬૫(એ)(ઈ) (એફ), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનામાં સંડોવાયેલ છે. તેમજ અરજદારનો Vivo V21 5G નો મોબાઈલ તથા જીઓ કંપનીનુ સીમકાર્ડ નં.૬૩૫૫૯૩૬૦૨૬ ગુનાના કામે વપરાયેલ

હોય અને તે મોબાઈલ ફોન પો.સ્ટે.માં જમા કરી મુદામાલ પાવતી ફાડવામાં આવેલ છે. જેથી સદર મોબાઈલ ફોન અરજદારને પરત સોંપવામાં આવે તો ફરીથી આવા જ પ્રકારના ગુનાઓમાં વાપરે તેવી શકયતાઓ નકારી શકાય તેમ ન હોય અને કબજે કરવામાં આવેલ મોબાઈલ ફોન ફરીથી અસામાજીક પ્ર વૃતિઓમાં ઉપયોગ લઈ શકે તેવી સંભાવનાઓ રહેલી હોય જેથી અરજદારને Vivo V21 5G નો મોબાઈલ તથા જીઓ કંપનીનુ સીમકાર્ડ નં.૬૩૫૫૯૩ ૬૦૨૬ પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલ છે.

(૩). અરજદારે તેમની અરજીના સમર્થનમાં રજૂ રાખેલ દસ્તાવેજમાં મુદામાલ મોબાઈલ ફોનના બીલની ઝેરોક્ષ નકલ વંચાણે લેતા જે અરજદારના નામે રહેલ છે. જેથી તે રીતે અરજદાર સદરહુ મુદામાલ મોબાઈલ ફોનના માલીક હોવાનું જણાય છે. તેમજ સદર કામે પોલીસે જે આરોપી પાસેથી મુદામાલ કબજે કરેલ છે તે આરોપી હાલના અરજદાર છે. જેથી સદર મુદામાલ મોબાઈલ ફોનના રજૂ કરેલા દસ્તાવેજોને ઘ્યાને લેતાં હાલના અરજદાર સદરહુ મુદામાલ મોબાઈલ ફોનના માલીક હોવાનું પુરવાર થાય છે. વધુમાં, તપાસ કરનાર અમલદારે સદર મુદ્દામાલ મોબાઈલ ફોન પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ હોઈ તેને છોડવામાં આવે તો ફરીથી તેનો ઉપયોગ આવા ગુનામાં થઈ શકે તેવી શંકા દર્શાવી મુદ્દામાલ મોબાઈલ ફોન પરત ન સોંપવા અભિપ્રાય આપેલ છે. પોલીસે પોતાના અભિપ્રાયમાં જે શંકા દર્શાવેલ છે તેટલા માત્રથી મુદ્દામાલ મોબાઈલ ફોનને પોલીસ સ્ટેશનમાં પડયા રાખવાનું વ્યાજબી જણાતું નથી. તેમજ પોલીસે જે શંકા દર્શાવેલ છે તેના માટે કડક શરતોને આધીન મુદ્દામાલ મોબાઈલ ફોન છોડવામાં આવે તો ન્યાયનો હેતુ

જળવાઈ રહે તેમ છે. વધુમાં આ કામે પોલીસે રજુ કરેલ અભિપ્રાયમાં આ કામે મુદામાલ મોબાઈલ ફોનની તપાસના કામે જરુરીયાત હોય તેવું જણાવવામાં આવેલ નથી જે હકીકત ધ્યાને લેતા નામદાર સર્વોચ્ચ અદાલતે **સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. રાજય – ૨૦૦૨(૧૦) – એસ.સી.સી. – પાના નં.૨૮૩** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત હાલના કેસને લાગુ પાડી શકાય તેમ છે. તેમજ અરજીની હકીકતોને સંયુકત રીતે ધ્યાને લેતા અરજદારની માંગણી નકારી શકાય તેમ નથી. જેથી સદરહુ મુદામાલ મોબાઈલ ફોન હાલના અરજદારને માત્ર વચગાળાની વ્યવસ્થા તરીકે યોગ્ય શરતોએ સોંપવાનું ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના અરજદાર માળી ધર્મેન્દ્રકુમાર રમણભાઈ, રહે. ટાંકીવાળુ ફળીયુ, મોકસી, તા.સાવલી જી.વડોદરાવાળાને સદરહુ મુદ્દામાલ Vivo V21 5G મોબાઈલ ફોન તથા સીમકાર્ડ રૂા.૭,૫૦૦/– (અંકે રુપિયા સાડા સાત હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી આ કેસનો ન્યાયીક નિર્ણય ન થાય ત્યાં સુધી માત્ર વચગાળાના ધોરણે નીચેની શરતોને આધિન સોંપવા હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :–**

(૧) અરજદારે સદરહુ મુદામાલ મોબાઈલ ફોન કેસનો આખર નિકાલ ન થાય ત્યાં સુધી કોઈને કોઈપણ રીતે વેચાણ, ગીરો, હસ્તાંતર કરવું કરાવવું નહીં.

(૨) ભાદરવા પોલીસે અરજદારને મુદ્દામાલ મોબાઈલ ફોન સોંપતા પહેલા મુદ્દામાલ મોબાઈલ ફોનના બે મોટી સાઈઝના અલગ અલગ એંગલથી ફોટો અરજદારના ખર્ચે પડાવી બોન્ડ સાથે રાખવા.

(૩) અરજદારે સદરહુ મુદામાલ મોબાઈલ ફોન પોલીસ અધિકારી અથવા નામદાર કોર્ટ જયારે પણ ફરમાવે ત્યારે પોતાના ખર્ચે રજૂ કરવું.

(૪) અરજદારે પ્રોહીબીશન મુજબનો કે અન્ય કોઈ કાયદા મુજબનો ગુનો બને તેવા કૃત્યોમા કે અન્ય કોઈ ગુનાહીત પ્રવૃતિમા મુદ્દામાલ મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો કરાવવો નહી.

(૫) અરજદારે સદરહુ મુદામાલ મોબાઈલ ફોનના જામીન તથા લગત બોન્ડ સંબંધીત પોલીસ સ્ટેશને રજૂ કરવા.

(૬) અરજદારે ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતના ભંગ બદલ મુદામાલ મોબાઈલ ફોન અને અગર તો જામીનગીરીની રકમ અદાલતમાં જમા કરાવવાની રહેશે.

હુકમ અંગેની ચાદી ભાદરવા પોલીસ સ્ટેશનને કરવી તેમજ હુકમની એક નકલ કેસ રેકર્ડ સાથે રાખવી.

હુકમ આજ તારીખ: ૧૯ **મી,** માહે: ડિસે**મ્બર** સને: **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સાવલી.
તારીખ: ૧૯/૧૨/૨૦૨૨

**(નૌશાદ વી. પઠાણ)**
જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
સાવલી
**(GJ–01413)**

કે. કે. પરમાર/પી.એ.